કેલિફોર્નિયાની મહિલા સાથે રહે છે 1000થી વધુ બિલાડીઓ !

લાયોનિયા નામની મહિલાને બિલાડીઓ પ્રત્યે પ્રેમ એવો કે ખર્ચ ઉઠાવવા માટે કાર અને લગ્નની વીંટી સુદ્ધા વેચી દીધી



કેલિફોર્નિયા, તા. 22: બિલાડીઓ પ્રત્યે પ્રેમ દરેકને હોતો નથી, પરંતુ જેમને હોય છે તેઓ તેમની સંભાળ રાખવા માટે કંઈ પણ કરવા તૈયાર રહે છે. એક મહિલા લગભગ 1000 બિલાડીઓ સાથે માત્ર રહેતી જ નથી, પરંતુ તેમની સુવિધા માટે વર્ષોથી કરોડો રૂપિયા પણ ખર્ચી રહી છે. તેમની પાસેથી હજારો બિલાડીઓને દત્તક પણ લેવામાં આવી ચૂકી છે.

બિલાડીઓ પ્રત્યેના પ્રેમનો આ સિલસિલો 1992માં ત્યારે શરૂ થયો હતો જ્યારે અમેરિકામાં કેલિફોર્નિયાના પાર્લિયર શહેરમાં રહેતા લાયનેયા લૈટાન્ઝિયોના પિતાએ તેમને એક બિલાડી લાવવા માટે કહ્યું હતું. તે દિવસે લાયનેયા એક બિલાડીની સાથે 15 બિલાડીનાં બચ્ચાં લઈને આવ્યાં હતાં. બસ અહીંથી જે સિલસિલો શરૂ થયો તે ચાલી જ રહ્યો છે. ત્યારથી અત્યાર સુધીમાં સંખ્યાબંધ બિલાડીઓ આવી અને ગઈ. હવે તો 'ધ કિંગ્સ સેન્ચ્યુરી'માં અગણિત બિલાડીઓનું ઘર બનેલું છે.

પર લગભગ 1000 બિલાડીઓ હોય, પરંતુ તેઓ ન જાણે કેટલી બિલાડીઓની સંભાળ રાખી ચૂક્યા છે. તેઓ આ બિલાડીઓને પરિવારોને દત્તક લેવા માટે આપતા રહે છે, પરંતુ બિલાડીઓની સંભાળ રાખવામાં માત્ર ખાવાનું અને રહેવાનું જ સામેલ નથી, લાયનેયા આ ઉપરાંત પણ ઘણું બધું કરે છે. ખરેખર 1992માં લાયનેયાના પિતાએ તેમને એક બિલાડી લાવવા માટે કહ્યું હતું. તે દિવસે લાયનેયા એક બિલાડીની સાથે 15 બિલાડીનાં બચ્ચાં લઈને આવ્યાં હતાં. બસ અહીંથી જે સિલસિલો શરૂ થયો તે ચાલી જ રહ્યો છે. ત્યારથી અત્યાર સુધીમાં સંખ્યાબંધ બિલાડીઓ આવી અને ગઈ. હવે તો 'ધ કિંગ્સ સેન્ચ્યુરી'માં અગણિત બિલાડીઓનું ઘર બનેલું છે.

બે મુસાફરોની નાટ્યાત્મક ધરપકડથી સિએટલ એરપોર્ટ પર ગભરાટ

ICE અધિકારીઓએ વિમાનની સીડી નજીક પહોંચી જઇને એક મેક્સિકન મહિલાની અચાનક ધરપકડ કરી, તેની માતાએ બૂમાબૂમ કરીને અધિકારીઓ પર ગરમ કોફી ફેંકી તો તેની પણ ધરપકડ કરવામાં આવી

આ બંને મેક્સિકન મહિલા અમેરિકામાં વિઝા પૂરા થયા બાદ પણ રહેતી હોવાનો આરોપ, ઘટનાથી મુસાફરોમાં ગભરાટ ફેલાયો



સિએટલ, તા. ૨૨(એપી): શનિવારે સિએટલના એક ભીડભાડવાળા એરપોર્ટ જેટ બ્રિજ પર લોકો ફ્લાઇટમાં ચઢી રહ્યા હતા ત્યારે માસ્ક પહેરેલા ઇમિગ્રેશન અધિકારીઓએ બે લોકોની અટકાયત કરી હતી. આ ઘટનાને એરલાઇને મુસાફરો અને કર્મચારીઓ માટે હતાશાજનક દ્રશ્ય ગણાવ્યું હતું અને તેના કારણે લોસ એન્જલસ જતી ફ્લાઇટ મોડી પડી હતી.

આ ઘટનાના વીડિયોમાં સિએટલ-ટાકોમા ઇન્ટરનેશનલ એરપોર્ટ પર અધિકારીઓ ઓછામાં ઓછા એક વ્યક્તિને ઢસડીને લઈ જતા જોવા મળ્યા હતા, જ્યારે એક મહિલા બૂમો પાડી રહી હતી કે તેની પુત્રીને લઈ જવામાં આવી રહી છે અને તેની પાસે વર્ક પરમિટ છે. ઇમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ(ICE)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેના અધિકારીઓએ મેક્સિકોના ઇમિગ્રન્ટ રિકાર્ડો લારોન્ડો મેન્ડોઝાની ધરપકડ કરવા માટે એક લક્ષિત કાર્યવાહી હાથ ધરી હતી, જેણે આપણા દેશના કાયદાઓનું ઉલ્લંઘન કરીને તેના વિઝાની અવધિ કરતાં વધુ સમય રોકાણ કર્યું હતું. ICEના નિવેદન મુજબ, આ ધર્ષણ દરમિયાન અન્ય એક મુસાફરે અધિકારીઓ પર ગરમ કોફી ફેંકી હતી. સોફિયા હર્નાન્ડીઝ મેજિયા નામની તે મહિલા પણ મેક્સિકોથી ગેરકાયદેસર રીતે અમેરિકામાં હોવાનું અને તેના વિઝાની અવધિ કરતાં વધુ સમય રોકાઈ હોવાનું જાણવા મળ્યું હતું, તેમ ICEએ જણાવ્યું હતું.


પેજ 3

અમદાવાદ કોન્સર્ટમાં મહિલા ચાહકે ચુંબન કર્યા બાદ દિલજીત દોસાંઝ શરમાઈ ગયો



અમદાવાદ, તા. 22 : અમદાવાદ કોન્સર્ટ દરમિયાન એક મહિલા ચાહકે દિલજીત દોસાંઝના ગાલ પર ચુંબન કર્યું હતું. આ સમગ્ર ઘટનાનો વીડિયો 'ટીમ દોસાંઝ' દ્વારા ઈન્સ્ટાગ્રામ પર શેર કરવામાં આવ્યો છે, જે વાયરલ થઈ રહ્યો છે. દિલજીત જ્યારે સ્ટેજ પર પરફોર્મ કરી રહ્યો હતો ત્યારે આ ચાહક તેની પાસે આવી હતી. જ્યારે તે ચુંબન કરવા માટે દિલજીત તરફ ઝૂકી, ત્યારે ગાયકે તેને રોકવા માટે પોતાનો હાથ ઊંચો કર્યો હતો. જોકે, બાદમાં તેણે ચાહકને પોતાના ગાલ પર ચુંબન કરવા દીધું હતું, પરંતુ બાદમાં દિલજીત શરમાઈ ગયો હતો.

તાજમહેલની મુલાકાત દરમિયાન કંગના બોલી: રાહુલ હતાશ બિલાડીની જેમ વર્તી રહ્યા છે



આગ્રા, તા. 22 : ભાજપનાં સાંસદ કંગના રનૌતે રવિવારે તાજમહેલની મુલાકાત લીધી હતી અને ભારતીય અર્થવ્યવસ્થા અંગેની ટિપ્પણીઓ બદલ રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે, કોંગ્રેસ નેતા 'હતાશ બિલાડી'ની જેમ વર્તી રહ્યા છે. કંગનાએ અહીં અંદાજે કલાક જેટલો સમય વિતાવ્યો હતો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) અને ભાજપ 'અસંસ્કારી, લોભી, જાતિવાદી અને પુરુષ પ્રધાન માનસિકતા ધરાવતા' હોવાના રાહુલ ગાંધીના આક્ષેપ પર વળતો પ્રહાર કરતાં કંગનાએ કોંગ્રેસ પર મહિલા અનામતનો વિરોધ કરવાનો આરોપ લગાવ્યો હતો. કંગનાએ કહ્યું હતું કે, ' 'જો ભાજપ પુરુષ પ્રધાન પક્ષ હોય તો તે મહિલા અનામત બિલ માટે શા માટે લડી રહ્યો છે?

ફાયરિંગની ઘટના બાદ ટાઇગર શ્રોફનું સ્ટેજ પર પરફોર્મન્સ : અચાનક શ્વાન આવતા નેટીજને મજા લીધી



મુંબઈ, તા. 22: ફાયરિંગની ઘટના બાદ અભિનેતા ટાઇગર શ્રોફ શનિવારે મુંબઈમાં આયોજિત 'ગ્લોબલ પીસ ઓનર્સ 2026'માં સ્ટેજ પર પરત ફર્યો હતો. 18 ઓક્ટોબરના રોજ તેના વાહન પર થયેલ ફાયરિંગની ઘટના બાદ આ તેનું પ્રથમ જાહેર પરફોર્મન્સ હતું. જોકે, એક અણધાર્યા મહેમાન એવા કૂતરાએ થોડા સમય માટે બધાનું ધ્યાન ખેંચી લીધું હતું. જ્યારે શ્રોફ ગેટવે ઓફ ઇન્ડિયાની પૃષ્ઠભૂમિ સામે પરફોર્મ કરી રહ્યો હતો, ત્યારે પરફોર્મન્સની વચ્ચે જ એક કૂતરો સ્ટેજ પર દોડી આવ્યો હતો.

કેરનેસ ક્રીમના ઉપયોગથી કિડનીની બીમારી થઈ હોવાનો ગાયક સલીમ કોડાથુરનો દાવો

મલપ્પુરમ (કેરળ), તા. 22 (પીટીઆઈ): ગાયક અને સંગીતકાર સલીમ કોડાથુરે રવિવારે ખુલાસો કર્યો હતો કે, આશરે 10 વર્ષ પહેલાં એક મિત્રની ભલામણથી કેરનેસ ક્રીમનો ઉપયોગ કરવાને કારણે થોડા જ મહિનામાં તેમને પેશાબમાં ગંભીર ચેપ, આંખના પોપચાં અને પગમાં સોજા આવવા તેમજ રોગપ્રતિકારક શક્તિ ઘટી જવાની સમસ્યા થઈ હતી. ગાયકે મીડિયાને જણાવ્યું હતું કે, તેના ડોક્ટરે તેને કહ્યું હતું કે આ સમસ્યા તેમના શરીરમાંથી આલ્બ્યુમિન નામના પ્રોટીનના ઘટાડાને કારણે થઈ છે અને જો તે ચાલુ રહેશે તો કિડની ફેલ થવાની શક્યતા રહેલી છે.

કચ્છમાં માર્ગ અકસ્માતમાં સૈન્ય પરિવારોના સાત સભ્યોનાં મોત

ઉત્તરાખંડના ગઢવાલ જિલ્લાના ત્રણ સૈન્ય પરિવારને ભુજ પરત ફરતા અકસ્માત નડ્યો

બે જવાન સૌરભ નેગી અને રાજેશ રાવતના પણ નિધન થયા, બંને ભુજમાં જ તૈનાત હતા

વડા પ્રધાને ઘટના અંગે શોક વ્યક્ત કરી મૃતકોના પરિવારજનોને 2-2 લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી



ભુજ (ગુજરાત), તા. 22 (પીટીઆઈ): ગુજરાતના કચ્છ જિલ્લામાં એક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર પૂરપાટ ઝડપે આવતી ટ્રકે કારને ટક્કર મારતાં ઉત્તરાખંડના પૌડી ગઢવાલ જિલ્લાના કોટદ્વારના રહેવાસી સૈન્ય પરિવારોનાં ત્રણ બાળકો સહિત સાત સભ્યોનાં મોત નિપજ્યાં છે. આ અકસ્માત શનિવારે રાત્રે 10 વાગ્યાની આસપાસ ત્યારે થયો જ્યારે આ પરિવારો કચ્છના રણની મુલાકાત લઈને ભુજ પરત ફરી રહ્યા હતા.

ટક્કર એટલી જોરદાર હતી કે 3 મહિનાની બાળકી સહિત કારમાં સવાર તમામ 7 લોકોનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં અને કારના કચ્ચરઘાણ વળી ગયેલા કાટમાળમાંથી મૃતદેહોને બહાર કાઢવામાં કલાકો લાગ્યા હતા. મૃતકો ત્રણ અલગ-અલગ પરિવારના સભ્યો હતા, જેઓ હાલમાં ગુજરાતમાં રહેતા હતા. મૃત્યુ પામનારાઓમાં ભુજ ખાતે ફરજ બજાવતા 'સેકન્ડ ગઢવાલ રાઇફલ્સ'ના બે જવાનો સૌરભ સિંહ નેગી અને રાજેશ સિંહ રાવતનો પણ સમાવેશ થાય છે.

ભારતીય મૂળના નવદીપ બૈન્સ ઓન્ટારિયો લિબરલ પાર્ટીના નેતા તરીકે ચૂંટાયા

ટોરોન્ટો, તા. 22 (પીટીઆઈ): ભારતીય મૂળના ભૂતપૂર્વ કેનેડિયન મંત્રી નવદીપ બૈન્સ ઓન્ટારિયોમાં લિબરલ પાર્ટીના નવા નેતા તરીકે ચૂંટાયા છે. તેમણે આગામી ચૂંટણી માટે પક્ષને સંપૂર્ણપણે સજ્જ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સંકલ્પ લીધો છે. ગ્લોબલ ન્યૂઝના રવિવારના અહેવાલ મુજબ, 49 વર્ષીય બૈન્સે પક્ષના નેતૃત્વ સંમેલનમાં ત્રીજા અને અંતિમ મતદાનમાં 50.3 ટકા મત મેળવ્યા હતા. બૈન્સે જણાવ્યું હતું કે, "દેવીઓ અને સજ્જનો, આ ભલે નેતૃત્વની રેસનો અંત હોય, પરંતુ ડગ ફોર્ડ અને ઓન્ટારિયોની (પ્રોગ્રેસિવ) કન્ઝર્વેટિવ પાર્ટીને સત્તા પરથી હટાવવાના અમારા અભિયાનની આ માત્ર શરૂઆત છે." ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી બૈન્સ ભૂતપૂર્વ વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોના સૌથી મોટા સમર્થકોમાંના એક રહ્યા છે. નોંધનીય છે કે પ્રાંતમાં 2018થી કન્ઝર્વેટિવ પાર્ટી સત્તા પર છે. જાન્યુઆરીમાં બોની ક્રોમ્બીના રાજીનામા બાદથી પ્રાંતીય લિબરલ પાર્ટી પાસે કોઈ કાયમી નેતા ન હતા. 2018ની ચૂંટણીમાં પક્ષની કારમી હાર બાદ ભૂતપૂર્વ પ્રીમિયર કેથલીન વિને રાજીનામું આપ્યું ત્યારથી બૈન્સ પક્ષના ત્રીજા નેતા બન્યા છે.

લિબિયામાં એક રશિયન જહાજ પર શંકાસ્પદ ડ્રોન હુમલો

બેન્ગાઝી બંદર પર લાંગરેલા આ જહાજ પર આગ લાગી, જાનહાનિની કોઇ વિગતો નહીં, હુમલા અંગે અસ્પષ્ટતા.

અગાઉ માર્ચ મહિનામાં પશ્ચિમ લિબિયામાં કાર્યરત યુક્રેનિયન દળોએ ભૂમધ્ય સમુદ્રમાં એક રશિયન જહાજ પર હુમલો કર્યો હતો

કૈરો, તા. ૨૨(એપી): ઉત્તર આફ્રિકન દેશ લિબિયાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, રવિવારે વહેલી સવારે પૂર્વી લિબિયાના એક નૌકાદળ મથક(નેવલ બેઝ) પર એક શંકાસ્પદ દરિયાઈ ડ્રોન હુમલામાં એક રશિયન જહાજને નિશાન બનાવવામાં આવ્યું હતું.

પૂર્વીય લિબિયા સ્થિત સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ હુમલાને કારણે ભૂમધ્ય સમુદ્ર પર આવેલા બેનગાઝી નૌકાદળ મથક પર વિસ્ફોટ થયો હતો અને આગ લાગી હતી. નિવેદનમાં જહાજ કે તેમાં લદાયેલા સામાન વિશે કોઈ વિગતો આપ્યા વિના જણાવવામાં આવ્યું હતું કે, રશિયા અને પૂર્વી લિબિયા સ્થિત સરકાર વચ્ચેના સહકાર કરારના ભાગરૂપે આ જહાજ ઈંધણ ભરાવવા અને અન્ય પુરવઠો લેવા માટે આ મથક પર લાંગરવામાં આવ્યું હતું.

નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, "હુમલાના સંજોગો, તેના સ્ત્રોત અને તેની પાછળ રહેલા જૂથને ખુલ્લા પાડવા" માટે રશિયા સાથે મળીને સંયુક્ત તપાસ શરૂ કરવામાં આવી છે. હજુ સુધી કોઈ પણ જૂથે આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી. એક ગુપ્ત કરાર હેઠળ પશ્ચિમી લિબિયામાં કાર્યરત યુક્રેનિયન દળોએ માર્ચ મહિનામાં માલ્ટાના જળસીમા નજીક ભૂમધ્ય સમુદ્રમાં એક રશિયન ટેન્કર પર શંકાસ્પદ દરિયાઈ ડ્રોન હુમલો કર્યો હતો એમ લિબિયન અધિકારીઓએ તે સમયે જણાવ્યું હતું. અધિકારીઓએ એપીને જણાવ્યું હતું કે, આ યુક્રેનિયન દળો – જેમાંના મોટાભાગના ડ્રોન નિષ્ણાતો હતા– મુખ્યત્વે દરિયાકાંઠાના શહેર મિસરાતાના એર બેઝ પરથી, પરંતુ રાજધાની ત્રિપોલી અને દરિયાકાંઠાના નગર ઝાવિયાની અન્ય લશ્કરી છાવણીઓમાંથી પણ કામગીરી ચલાવતા હતા.

કેનેડાના વોલમાર્ટ બહાર ભારતીય મૂળના દંપતીની ગોળી મારીને હત્યા

સરે, તા. 22: કેનેડાના સરેમાં એક વોલમાર્ટ સ્ટોરની બહાર ભારતીય મૂળના એક દંપતીની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. પોલીસને આશંકા છે કે, આ એક ટાર્ગેટેડ શૂટિંગ હોઈ શકે છે. 23 વર્ષીય ગગનપ્રીત (ગેરી) રેહલ અને 24 વર્ષીય સુખજીત કૌર તરીકે ઓળખાયેલું આ દંપતી 15 નવેમ્બરના રોજ રાત્રે લગભગ 10:38 વાગ્યે પાર્કિંગ લોટમાં ગોળી વાગેલી હાલતમાં મળી આવ્યું હતું. સરે પોલીસ સર્વિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "જ્યારે પ્રાથમિક બચાવકર્મીઓ ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે યુવક અને યુવતીને બચાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. બંને પીડિતોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં થોડા સમય બાદ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા."


યુએનની હવામાન મંત્રણામાં અશ્મિભૂત ઈંધણોના ઉલ્લેખ વગરનો કરાર

48 કલાકથી વધુ ચાલેલી વાટાઘાટોમાં અનેક બાબતો પર મતભેદો પ્રવર્તતા રહ્યા

પ્રદૂષણકારી અશ્મિભૂત ઈંધણોનો ઉલ્લેખ જ અંતિમ કરારમાં ન થતા ઘણા દેશો નારાજ

અંતાલ્યા (તુર્કીયે), ૨૨ નવેમ્બર (એપી) ગ્લોબલ વોર્મિંગનું કારણ બનતા અશ્મિભૂત ઈંધણનો ઉલ્લેખ કરવો કે નહીં તે અંગેના મતભેદો વચ્ચે તુર્કીયેમાં સંયુક્ત રાષ્ટ્રો (UN)ની અંધાધૂંધીભરી આબોહવા વાટાઘાટો રવિવારે કોઈ વ્યાપક સમજૂતી પર પહોંચી શકી ન હતી. અને છેવટનો કરાર ખનિજ ઈંધણોના ઉલ્લેખ વિના જ થયો હતો.

બે અઠવાડિયા સુધી ચાલેલી આ વાટાઘાટોની શરૂઆતમાં જ અપેક્ષાઓ ઓછી હતી, પરંતુ ગ્લોબલ વોર્મિંગના મુખ્ય કારણ એવા અશ્મિભૂત ઈંધણનો સ્પષ્ટપણે સમાવેશ કરવા અને નાણાં સહિતના અન્ય મુદ્દાઓ પરની ચર્ચાઓ અસમાધાનકારી સાબિત થઈ હતી. 'કોપ૩૧' (COP31) તરીકે ઓળખાતી આ વાટાઘાટો 'કવર ડિસિઝન' તરીકે ઓળખાતા મુખ્ય કરાર વિના જ આગળ વધી હતી. આ બેઠકમાં પ્રક્રિયા અને ગ્લોબલ વોર્મિંગની સમસ્યાને સ્પર્શતા નાના મુદ્દાઓ પર પહેલેથી જ પ્રગતિ થઈ ચૂકી હતી અને મુખ્ય કરાર પર નિષ્ફળતા મળ્યા પછી પણ બેઠક ચાલુ રહી હતી. આ વાટાઘાટોમાં મંજૂર થયેલો કોઈપણ કરાર લગભગ સર્વસંમતિથી પસાર થવો જરૂરી છે. ઘણા દેશો અને ૨૭-રાષ્ટ્રોના યુરોપિયન યુનિયને (EU) જણાવ્યું હતું કે તેઓ તુર્કી-ઓસ્ટ્રેલિયાના સંયુક્ત નેતૃત્વના અંતિમ પ્રસ્તાવને સ્વીકારી શકે તેમ નથી, કારણ કે તેમાં અશ્મિભૂત ઈંધણનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. નોંધપાત્ર રીતે મોટી સંખ્યામાં રાષ્ટ્રોએ જણાવ્યું હતું કે કોઈ બાબત પર સર્વસંમતિ સધાય તે વધુ મહત્વનું છે અને તેમણે ઘણીવાર અનિચ્છાએ આ નિર્ણય સ્વીકાર્યો હતો. રશિયા અને સાઉદી અરેબિયા દસ્તાવેજમાંથી અશ્મિભૂત ઈંધણને બહાર રાખવા માટે દબાણ કરનારા મુખ્ય પરિબળો હતા.











જ્યોર્જ વોશિંગ્ટનના વાળની રૂ. 3.70 લાખમાં હરાજી

અંતિમ દિવસોમાં વોશિંગ્ટન જેના મહેમાન હતા તે ગેડ્સબીના પરિવારે વોશિંગ્ટનના વાળ 227 વર્ષથી સુરક્ષિત રાખ્યા



વોશિંગ્ટન: તા. 22: અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપતિ જ્યોર્જ વોશિંગ્ટનના વાળની હરાજી થઈ છે. એક ફ્રેમમાં જડવામાં આવેલા તેમના વાળની હરાજીમાં 4,000 ડોલર (3 લાખ, 70 હજાર ભારતીય રૂપિયા)ની બોલી લાગી છે. આ હરાજીનું આયોજન કરનારી સંસ્થા 'રિચમન્ડ ઓક્શન્સ'એ જણાવ્યું છે કે, આ વાળ જોન ગેડ્સબી પાસે હતા. વર્ષ 1799માં પોતાના જીવનના અંતિમ દિવસોમાં જ્યોર્જ વોશિંગ્ટન ગેડ્સબીના મહેમાન રહ્યા હતા. ત્યારે જ તેમણે વોશિંગ્ટનના વાળની લટ સાચવીને રાખી લીધી હતી.

ગેડ્સબીના પરિવાર પાસે વર્ષો સુધી વોશિંગ્ટનના વાળ સચવાયેલા રહ્યા. ગેડ્સબીના એક વંશજ પાસેથી આ વાળ જોન લેટીમર નામના એક સંગ્રહકર્તાને મળી ગયા હતા. હવે તેમના વાળની આ હરાજી કરવામાં આવી છે. જોકે, એ સ્પષ્ટ નથી કે તેના ખરીદદાર કોણ છે. જ્યોર્જના વાળના નવા માલિકનું નામ હજી સામે આવ્યું નથી.

અહેવાલ અનુસાર, શનિવારે થયેલું આ વેચાણ જ્યોર્જ વોશિંગ્ટનના વાળની અત્યાર સુધીની સૌથી મોંઘી હરાજી નથી. પાંચ વર્ષ પહેલાં 2021માં એક લોકેટમાં રાખવામાં આવેલા તેમના વાળના ત્રણ રેસા આશરે 40,000 ડોલરમાં વેચાયા હતા. એવું માનવામાં આવે છે કે આ વાળ તેમના મૃત્યુ સમયે લેવામાં આવ્યા હતા.

ભારતીય ગણિતશાસ્ત્રીએ 70 વર્ષ જૂની ગણિતની સમસ્યા ઉકેલી

કોલકાતા, તા. 22: 70 વર્ષથી એક કોયડો બની રહેલી સમસ્યાનો ઉકેલ લાવનાર ભારતીય ગણિતશાસ્ત્રી નીના ગુપ્તાને ટાઇમ100 નેક્સ્ટ ઇન્ડિયા લિસ્ટ 2026માં સ્થાન આપવામાં આવ્યું છે. કોલકાતા સ્થિત ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટનાં પ્રોફેસર ગુપ્તાને સૌપ્રથમ 2014માં આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળી હતી, જ્યારે તેમણે 1949માં રજૂ કરાયેલા ઝારિસ્કી કેન્સલેશન પ્રોબ્લેમના એક સંસ્કરણનું પ્રતિઉદાહરણ શોધી કાઢ્યું હતું. આ સમસ્યામાં એક જટિલ પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો હતો: જો બે ગાણિતિક વસ્તુઓમાં અન્ય એક પરિમાણ ઉમેરવાથી તે માળખાકીય રીતે સમાન બની જાય તો શું તેનો અર્થ એવો થાય કે તે શરૂઆતથી જ સમાન હતી? ગુપ્તાએ ગણિતશાસ્ત્રી તાકાનોરી અસાનુમા દ્વારા સૌપ્રથમ વિકસિત કરાયેલ ત્રિ-પરિમાણીય એફાઈન વેરાયટીનો ઉપયોગ કરીને એક પ્રતિઉદાહરણ તૈયાર કર્યું અને દર્શાવ્યું કે લાક્ષણિકતાના સંદર્ભમાં તેનો જવાબ 'ના' હોઈ શકે છે.